ડો.એમ.એમ. પટેલ GAS
એડીશનલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટર
સમગ્ર શિક્ષા

समग्र शिक्षा
Samagra Shiksha

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સમગ્ર શિક્ષા,
સેકટર-૧૯, ગાંધીનગર.-૩૮૨૦૨૧

ક્રમાંકઃએસ.એસ./એ.આર.&વી.ઇ./2026/ ૫૦૦૭૩-૫૦૦૭૮ તા.૨૬/10/2026

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ),
તમામ જિલ્લા.

વિષય: વોકેશનલ એજ્યુકેશન (VE) અંતર્ગત વેકેશન દરમિયાન અને રજાના દિવસોમાં વોકેશનલ ટ્રેનર (VT) દ્વારા કરવાની થતી કામગીરી અને માનદવેતન ચૂકવવા બાબત.

સંદર્ભ: (૧)અત્રેની કચેરીનો તા:૦૩/૦૭/૨૦૨૬નો પત્રકમાંક: એસએસ/એ.આર&વી.ઈ/૨૦૨૬/૨૯૬૯૯-૭૭૨

(૨) એ.આર.&વી.ઈ.શાખાની તા:૧૨/૧૦/૨૦૨૬ની નોંધ પર માન. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીની મળેલ મંજૂરી.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સમગ્ર શિક્ષા અંતર્ગત ધોરણ ૯ થી ૧૨માં કુલ ૨૦ ટ્રેડમાં વોકેશનલ એજ્યુકેશન આપવામાં આવી રહ્યું છે. રાજ્યની ૨૮૧૩ જેટલી શાળાઓમાં વોકેશનલ એજ્યુકેશન અંતર્ગત હાલના તબક્કે વીઝીટીંગના ધોરણે વોકેશનલ ટ્રેનર (VT) ની સેવાઓ લેવામાં આવે છે. સંદર્ભ (૧) દર્શિત પત્રથી વોકેશનલ ટ્રેનરને પ્રતિ દિવસ રૂ.૭૦૦/- મુજબ માનદવેતન ચૂકવવા અંગે આપને અગાઉ જાણ કરવામાં આવેલ છે.

વોકેશનલ એજ્યુકેશનના સુચારૂ અમલીકરણ માટે વેકેશન દરમિયાન તેમજ રજાના દિવસોમાં પણ વોકેશનલ ટ્રેનર્સ (VT) દ્વારા નીચે મુજબની વિગતવાર કામગીરીઓ કરવાની રહેશે:

1. **ઔદ્યોગિક મુલાકાતનું આયોજન:** વિદ્યાર્થીઓના ઇન્ડસ્ટ્રીઝ વિઝીટના પ્લાનિંગ માટે જુદી જુદી ઔદ્યોગિક સંસ્થાઓની મુલાકાત લેવી.
2. **ઇન્ટર્નશિપ વ્યવસ્થા:** વિદ્યાર્થીઓની ઇન્ટર્નશિપ પ્લાનિંગ માટે તેમજ ઇન્ટર્નશિપના ફોલોઅપ અને તે માટેની જરૂરી અન્ય કામગીરી કરવી.
3. **મૂલ્યાંકન:** થીયરી અને પ્રેક્ટીકલના પ્રશ્નપત્રોના મૂલ્યાંકનની કામગીરી કરવી.
4. **પરિણામ:** વિદ્યાર્થીઓનું રીઝલ્ટ તૈયાર કરવાની કામગીરી કરવી.
5. **લેસન પ્લાન:** આગામી શૈક્ષણિક કાર્ય માટે લેસન પ્લાન તૈયાર કરવાની કામગીરી કરવી.
6. **એપ્લિકેશન અપડેટ:** લાઈટ હાઉસ એપ્લિકેશન પર નિયમિત ધોરણે વિગતો અપડેટ કરવાની કામગીરી.
7. **ગેસ્ટ લેક્ચર અને સંકલન:** ગેસ્ટ લેક્ચર માટેનું આયોજન કરવું, ઉદ્યોગ સાહસિકોની મુલાકાત લેવી તેમજ તે અંગે જરૂરી સંકલન સાધવું.

8. **લેબ અને સાધનોની જાળવણી:** વોકેશનલ વિષયના વિદ્યાર્થીઓના પ્રેક્ટિકલ્સ માટે પ્રેક્ટીકલ નોટ્સ તૈયાર કરવી તેમજ સાધનો અને લેબની જાળવણી, મેન્ટેનન્સ અને ઉપયોગ બાબતની કામગીરી.
9. **નામાંકન અને વાલી સંપર્ક:** વોકેશનલ વિષયમાં વિદ્યાર્થીઓનું નામાંકન વધે તે માટે વાલી સંપર્ક કરવો અને ખાનગી શાળાઓને માર્ગદર્શન પૂરું પાડવું.
10. **વીડિયો લેસન:** વિદ્યાર્થીઓ માટે દરરોજના બે વિડિયો લેસન તૈયાર કરવા.

મહત્વની સૂચના અને અમલીકરણ પ્રક્રિયા:

- વેકેશન દરમિયાન અને રજાના દિવસોમાં વોકેશનલ ટ્રેનરે સંબંધિત શાળાના **આચાર્યશ્રી (પ્રિન્સિપાલશ્રી) ના સીધા માર્ગદર્શન હેઠળ** ઉપરોક્ત કામગીરી કરવાની રહેશે.
- વોકેશનલ ટ્રેનરે પોતાના દ્વારા કરવામાં આવેલ તમામ કામગીરીનો **વિગતવાર રિપોર્ટ આચાર્યશ્રીને સબમિટ કરવાનો રહેશે.**
- વોકેશનલ ટ્રેનરના રિપોર્ટના આધારે આચાર્યશ્રી દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (DEO) ને **કામગીરી કર્યા અંગેનું પ્રમાણપત્ર** રજૂ કરવાનું રહેશે.
- આચાર્યશ્રીના આ પ્રમાણપત્રના આધારે જ દર મહિનાના અંતે વોકેશનલ ટ્રેનરને **પ્રતિ દિવસ રૂ.૭૦૦/- મુજબના માનદવેતનનું ચૂકવણું** એકાઉન્ટ પે થી કરવાનું રહેશે.
- આ અંગેનો ખર્ચ વોકેશનલ ટ્રેનરનાં,સમગ્ર શિક્ષાનાં PAB-બજેટના vocational Trainerના બજેટ હેડ માં ઉધારવાનો રહેશે.

આપના તાબા હેઠળની વોકેશનલ એજ્યુકેશન ધરાવતી તમામ શાળાઓના આચાર્યશ્રીઓને આ બાબતે અમલીકરણ કરવા સારું આપની કક્ષાએથી જરૂરી સૂચના આપશો.

એડી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા -સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસ
ગાંધીનગર, ગુજરાત

નકલ સવિનય રવાના જાણ સારું :

- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સદર કચેરી
- કમિશનરશ્રી, કમિશનર શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-19, ગાંધીનગર